કોવિડ-૧૯ ના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારને SDRF માંથી સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૦/૧૧/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

૧. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૨૭/૦૪/૨૦૧૫

૨. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૩૦/૦૩/૨૦૨૦

૩. NDMA- ભારત સરકારના પત્ર નં. ૧૬/૧૧/૨૦૨૧-RR, તા.૧૧/૦૯/૨૦૨૧

૪. ભારત સરકારના ગૃહ વિભાગના પત્ર નં.૩૩-૦૪/૨૦૨૦-NDM-I, તા.૨૫/૦૯/૨૦૨૧

૫. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.૩, તા.૩૦/૦૬/૨૦૧૭

**આમુખઃ-**

મહેસૂલ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમ-૧ના ઠરાવથી કુદરતી આપત્તિના કારણે થતાં નુકશાન માટે નાણાકીય સહાય ચૂકવવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ-૨થી કોવિડ-૧૯ નો સમાવેશ SDRFના ધોરણોમાં કરેલ છે.

ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી(NDMA)ના વંચાણે લીધા ક્રમ-૩ના પત્રથી નામ. સુપ્રિમ કોર્ટની રીટ પીટીશન (સીવીલ)નં.૫૫૪/૨૦૨૧ અને ૫૩૯/૨૦૨૧ ના કેસમાં આપવામાં આવેલ તા.૩૦/૦૬/૨૦૨૧ના ચુકાદા મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ અંતર્ગત કોવિડ-૧૯(કોરોના)ના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારને સહાય આપવાની માર્ગદર્શિકા બહાર પાડેલ છે. જે માર્ગદર્શિકા ધ્યાને લઈને ભારત સરકાર દ્વારા વંચાણે લીધા ક્રમ-૪ના પત્રથી કોવિડ-૧૯(કોરોના)થી મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારને સહાય

આપવાની બાબતનો SDRF માં સમાવેશ કરેલ છે. જે અન્વયે કોવિડ-૧૯(કોરોના)થી મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારને સહાય આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

આમુખની વિગતે સક્રિય વિચારણાના અંતે સરકાર દ્વારા વંચાણે લીધા ક્રમ-૧ના ઠરાવમાં સુધારેલા ધોરણોના કોષ્ટકના ક્રમાંક-૧ ની નીચે ક્રમાંક-૧(અ) તરીકે નીચેની બાબત ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સહાયનો પ્રકાર | સહાયનું ધોરણ |
|---|---|---|
| ૧(અ) | કોવિડ-૧૯(કોરોના)ના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારને આપવાની સહાય | - રૂ.૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) દરેક મૃત્યુ પામેલ વ્યક્તિના કિસ્સામાં કે જેમાં રાહતકાર્યો અને પૂર્વ તૈયારી સાથે સંકળાયેલા વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.<br>- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવ/માર્ગદર્શિકા મુજબ વ્યક્તિનું મૃત્યુ કોવિડ-૧૯(કોરોના) થી થયુ છે તેવું પ્રમાણિત(certified) થયેલ હોવુ જોઇએ.<br>- તા.૧૧/૦૯/૨૦૨૧ની NDMAની માર્ગદશિકાનું ચુસ્તપણે પાલન થાય તે મુજબ આ સહાયનો ખર્ચો માત્ર SDRF માંથી કરવાનો રહેશે.<br>- આ સહાય દેશમાં કોવિડ-૧૯(કોરોના)નો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી લાગુ પડશે અને કોવિડ-૧૯(કોરોના)ને ડિઝાસ્ટર તરીકે નાબૂદ જાહેર ન કરવામાં આવે ત્યાં સુધી અથવા અન્ય હુકમ થાય તે બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. |

ઉક્ત સહાયની ચૂકવણી વખતે નીચેની શરતો ધ્યાને લેવાની રહેશે.

- કોવિડ-૧૯(કોરોના)થી મૃત્યુ સહાયના કેસોની કામગીરીના સંદર્ભમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેક્ટરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.
- કોવિડ-૧૯(કોરોના)ના કારણે મૃત્યુ પામનાર મૃતકના વારસદાર દ્વારા આ ઠરાવથી નિયત કરેલ અરજી ફોર્મમાં ઉલ્લેખ કરેલ દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.
- જિલ્લા કલેકટરશ્રી દ્વારા અરજદારની અરજી મળ્યા તારીખથી દિન-૩૦માં આ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

• વંચાણે લીધા ક્રમ-૧ના તા.૨૭/૦૪/૨૦૧૫ના ઠરાવની તથા ક્રમ-૫ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.સી.પટેલ )
નાયબ સચિવ(રાહત)
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. તમામ મંત્રીશ્રીઓ તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

૪. માન.વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

૫. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૬. સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

૭. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. રાહત નિયામકશ્રી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. સર્વે શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

૧૧. સર્વે કલેકટરશ્રી

૧૨. સિસ્ટમ મેનેજરશ્રી, હ.૨ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર તથા રાહત કમિશનરશ્રીની વેબસાઇટ પર મૂકવા સારુ.)

૧૩. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૪. શાખા સિલેક્ટ ફાઇલ -૨૦૨૧.